GJKH010048872026

सत्यमेव जयते

**દાખલ તારીખ** :– ૨૩.૦૭.૨૦૨૬
**નોંધ્યા તારીખ** :– ૨૩.૦૭.૨૦૨૬
**ફેંસલ તારીખ** :– ૩૧.૦૭.૨૦૨૬
**સમય ગાળો** :– વર્ષ માસ દિવસ
૦૦–૦૦–૦૮

**ખેડા જિલ્લાના મહે. એડિશ્નલ સેશન્સ જજ સાહેબની અદાલતમા,**
**મુકામ:– નડીયાદ.**

**ફોજદારી પરચુરણ અ.નં.૮૭૭/૨૦૨૬**
**આંક–**

**અરજદાર :–** **અમીરુદીન ઉર્ફે આમીર સ/ઓ. સીરાજોદીન અહેમદમીયા સૈયદ,**
ઉ.વ. ૩૩, ધંધો:– ખેતી,
રહેવાસી:–ગોબલજ, તા.જી.:– ખેડા.
(હાલ જયુ. કસ્ટડીમાં)

**વિરૂદ્ધ**

**સામાવાળા :–** **શ્રી સરકાર,**
મારફતે એ.પી.પી.શ્રી,
નડીયાદ.

**વિષય :–** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ (ફોજદારી કાર્યરીતી અધિનિયમ કલમ–૪૩૯) અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત થવાની અરજી.

.........................................................................................

અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી જી.એ.સૈયદ
મુળ ફરિયાદી તરફે વિ.વ.શ્રી જે.જી.બ્રહમ્ભટ્ટ
સામાવાળા સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી ડી.આર.બારોટ

.........................................................................................

-:: ઠ રા વ ::-

(૧) અરજદાર/આરોપી વિરૂધ્ધ માતર પોલીસ સ્ટેશન ગુના રજી.નં. ૧૧૨૦૪૦૪૦૨૬૦૨૯૫/૨૦૨૬ થી ઇ.પી.કો. કલમ-૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી), ૧૧૪ મુજબનો ગુનો નોંધાયેલ અને તે ગુના સબબ અરજદાર હાલ જ્યુડીશીયલ કસ્ટડીમાં હોય, તેઓએ હાલની આ અરજી બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુક્ત થવા માટે દાખલ કરેલ છે.

(૨) અરજદારે અરજી દાખલ કરતા, સામાવાળા સરકારશ્રીને નોટીસ કરતા સરકાર તરફે વિદ્વાન પી.પી.શ્રી ડી.આર.બારોટ હાજર થઇ તેઓ ધ્વારા તપાસના કાગળો તથા તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું આંક-૬ થી રજુ રાખવામાં આવેલ છે. જે તમામ રેકર્ડ ઉપરના દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેવામાં આવેલ છે.

(૩) <u>અરજદાર/આરોપી તરફે વિદ્વાન વકીલ શ્રી જી.એ.સૈયદે</u> આંક-૧૦ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી રજુ કરેલ દસ્તાવેજ તથા કેસ ચુકાદા રજુ કરી મૌખિક દલીલ કરી જણાવેલ છે કે, અરજદારને ગુના કામે તા.૧૭.૭.૨૦૨૬ ના રોજ અટક કરવામાં આવેલ છે. વિશેષમાં દલીલ કરેલ છે કે, બનાવ તા.૦૧.૧૨.૨૦૨૩ થી તા.૨૯.૦૧.૨૦૨૪ દરમ્યાન બનેલ છે અને બનાવની ફરિયાદ તા.૧૭.૦૭.૨૦૨૬ ના રોજ વિલંબથી આપવામાં આવેલ છે અને ફરિયાદ વિલંબથી કરવાનુ કોઇ કારણ ફરિયાદમાં જણાવેલ નથી. વધુમાં, ફરિયાદીએ ફરિયાદમા સાચી હકીકત છુપાવી ખોટી ફરિયાદ આપી વધુને વધુ આરોપીઓના ઇન્વોલ્વમેન્ટનો પ્રયાસ કરેલ છે. વધુમાં, ફરિયાદ હકીકત મુજબ આરોપીએ ખોટી સહીઓ, બનાવટી અંગુઠાનું નિશાન કરી કે કોઇ વ્યકિતનું સ્વાંગ ધારણ કરી, બનાવટી દસ્તાવેજ તૈયાર કરી ઇ.પી.કો. કલમ-૪૬૭, ૪૬૮, ૪૭૧ મુજબનું કૃત્ય કરેલાના ધટક તત્વો ફલિત થતા નથી. વધુમાં, નામ. સુપ્રીમ કોર્ટનાં મોહમંદ ઇબ્રાહીમના ચુકાદામા ''માત્ર કોઇ વ્યકિત પોતાની માલીકી ન હોય તેવી મિલકતનો વેચાણ દસ્તાવેજ કરે એટલે તે ફોર્જરી બનતી નથી, ફોર્જરી

માટે ખોટા દસ્તાવેજ બનાવવા જરૂરી છે'' તેવુ જણાવેલ છે અને તે મુજબ હાલના કેસમાં વેચાણ દસ્તાવેજ રજીસ્ટર છે અને ફરિયાદમા ખોટી સહી અથવા બનાવટી દસ્તાવેજનો કોઇ આક્ષેપ નથી.

(૩.૧)વધુમાં, રજુઆત કરેલ છે કે, ફરિયાદ હકીકત મુજબ ઇ.પી.કો. કલમ–૪૨૦ મુજબનો ગુનો પ્રથમ દ્રષ્ટીએ બનતો નથી. વધુમાં, ઇ.પી.કો. કલમ–૪૨૦ અન્વયે શરૂઆતથી જ છેતરપીંડીનો ઇરાદો હોવો જોઇએ પરંતુ હાલની ફરિયાદ મુજબ વેચાણ દસ્તાવેજ, ત્યારબાદ રદ કરતો દસ્તાવેજ, ત્યારબાદ વેચાણ દસ્તાવેજ, ત્યારબાદ રદ દસ્તાવેજ અને ત્યારબાદ વેચાણ દસ્તાવેજ થયેલ છે અને સમગ્ર વ્યવહાર સબ રજીસ્ટ્રાર સમક્ષ થયેલ છે અને કોઇ ગુપ્ત વ્યવહાર થયેલ નથી. નામ. સુપ્રીમ કોર્ટ ધ્વારા હૈદરીયા રાજપ્રસાદ વર્માનાં ચુકાદામાં ચીટીંગ સાબીત કરવાની શરૂઆતથી જ ડીસઓનેસ્ટ ઇન્ટેન્શન હોવુ જરૂરી છે માત્ર કોન્ટ્રાકટનો ભંગ કે ટાઇટઇ ડીસપ્યુટ હોવાથી ઇ.પી.કો. કલમ–૪૨૦ લાગુ ન પડે તેમ જણાવેલ છે.

(૩.૨)વધુમાં સમગ્ર કેસ સીવીલ પ્રકારનો છે. હાલના કેસમાં અરજદાર સામે ઇ.પી.કો.કલમ–૪૬૪, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી) લાગુ પડતી નથી. વધુમાં, આરોપી ધ્વારા બનાવટી રેકર્ડ ઉભુ કરી તેને ખરા તરીકે ઉપયોગ કરેલાનો કોઇ આક્ષેપ નથી. વધુમાં, તમામ વ્યવહાર રજીસ્ટર દસ્તાવેજથી થયેલ છે અને તેની સબ રજીસ્ટ્રાર સમક્ષ નોંધણી થયેલ છે અને સ્ટેમ્પ ડયુટી પણ ચુકવાયેલ છે અને કેન્સલેશન પણ રજીસ્ટ્રાર રૂબરૂ થયેલ છે જેથી કોઇ છુપો વ્યવહાર થયેલ નથી. વધુમાં, અરજદારની કસ્ટોડીયલ ઇન્ટ્રોગેશનની કોઇ જરૂર નથી. વધુમાં, સમગ્ર કેસ દસ્તાવેજી પુરાવા આધારીત છે અને તે દસ્તાવેજો રજીસ્ટ્રાર પાસે, રેવન્યુ રેકર્ડ તથા હાઇવે ઓથોરીટી પાસે છે.

(૩.૩)વધુમાં રજુઆત કરેલ છે કે, અરજદાર સામેની ટ્રાયલ ચાલતા સમય જાય તેમ છે અને અરજદારને જેલમાં રાખવામાં આવે તો પ્રીટ્રાયલ પનીશમેન્ટ થાય. વધુમાં, ગુનાની ટ્રાયલ ચલાવવાની સત્તા જયુ.મેજી.

ફ.ક. કોર્ટને છે. વધુમાં, અરજદાર સામે મોટાભાગની તપાસ પુર્ણ થઇ ગયેલ છે. વધુમાં, અરજદાર અરજીમાં જણાવેલ સરનામે કાયમી વસાવટ કરે છે, નાસી ભાગી જાય તેમ નથી કે પુરાવા સાથે ચેડા કરે તેમ નથી. અરજદાર કુટુંબ કબીલાવાળા છે અને તેઓ ઉપર ભરણ પોષણની જવાબદારી છે અને જો અરજદારને વધુ સમય જેલમાં રહેવાનુ થાય તો તેમના કુટુંબને ભુખે મરવાનો વારો આવે તેમ છે. વધુમાં, નામ. કોર્ટ ફરમાવેલ તેટલી રકમના જામીન રજુ કરવા અરજદાર તેયાર અને ખુશી છે. જેથી અરજદાર વિરુદ્ધ આક્ષેપીત ગુન્હાનો પ્રકાર, સજાની જોગવાઇ ધ્યાને લઇ હાલની આ અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

(૪) અરજદાર/આરોપીની જામીન અરજી અનુસંધાને <u>સામાવાળા/સરકાર શ્રી તરફે વિ.પી.પી.શ્રી ડી.આર.બારોટ</u> હાજર થઇ તેમની મૌખિક દલીલમાં જણાવે છે કે, હાલના અરજદારને તકરારી જમીન અગાઉ જમીન સંપાદનમાં ગયેલ હોવાનું તેમજ બાકીની વધેલ જમીન વેચાણ થયેલ હોવાની રેકર્ડીય પુરાવાની હકીકત જાણતા હોવા છતાં સહ આરોપીઓ સાથે મળી ગુનાહીત કાવતરુ રચી, પ્રાંત અધિકારી શ્રી ધ્વારા તેઓ જમીનના માલીક ન રહેલાની જાણ કરેલ હોવા છતાં ફરિયાદી પાસેથી માતબાર રકમ પડાવી લેવાના હેતુથી, ખોટો વેચાણ દસ્તાવેજ બનાવી, તેનો સબ રજીસ્ટ્રાર કચેરીમાં સાચા તરીકે ઉપયોગ કરી, ફરિયાદી પાસેથી રૂા.૬૦,૦૦,૦૦૦/- નો અવેજ મેળવી એકબીજાની મદદગારીમાં ગુનો કરેલ છે. અરજદારનું નામ ફરિયાદમાં દર્શાવેલ છે અને સ્પષ્ટ આક્ષેપ કરવામાં આવેલ છે. વધુમાં અરજદાર તથા તેમના પિતાએ ફરિયાદી પાસેથી રૂા.૪૮,૮૦,૦૦૦/- જેટલી માતબાર રકમ પડાવી લીધેલ છે. વધુમાં, ત.ક.અ. ના સોગંદનામામાં અરજદાર સામે બે ગુનાઓ નોંધાયેલ હોવાનું જણાવેલ છે. અરજદારે તેઓની હાલની જામીન અરજીમાં તથા માતર કોર્ટ સમક્ષ દાખલ કરેલ જામીન અરજીમાં આ હકીકત છુપાવેલ છે. નામ. સુપ્રીમ કોર્ટે મુનેશ વિ. સ્ટેટ ઓફ યુ.પી. સ્પે.લીવ ટુ અપીલ(ક્રીમીનલ) નં.૧૪૦૦/ ૨૦૨૫ માં જામીન અરજીમાં દરેક વ્યકિતએ તેઓનો ગુનાહીત

ઈતિહાસ છે કે નહી તે જણાવુ અને જો તે ખોટુ જણાય તો જામીન અરજી રદ કરવા માટેનો આધાર ગણી શકાય તેમ જણાવેલ છે જે હકીકત ધ્યાને લેતા અરજદારે જામીન અરજીમા તેઓનો ગુનાહિત ઈતિહાસ હોવાની હકીકત છુપાવેલ હોય અરજદારની જામીન અરજી રદ થવા પાત્ર છે. ત.ક.અ.ના સોગંદનામામા અરજદાર તથા તેઓના પિતાએ ફરિયાદી પાસેથી આરોપી અશોકભાઈને રૂા.૧૧,૨૦,૦૦૦/– અપાવેલાનું તપાસ દરમ્યાન ખુલેલ છે. ગુના કામના અન્ય આરોપીઓને પકડવાના બાકી છે. ગુનાની તપાસ હાલ પ્રાથમિક તબકકામાં તેમજ ગુનામા કેટલા આરોપીઓ સંડોવાયેલ છે તેની તપાસ ચાલુ છે અને જો અરજદારને જામીન ઉપર મુકત કરવામાં આવે તો ગુનાની તપાસ યોગ્ય રીતે થઈ શકે નહી અને ફરિયાદપક્ષના કેસને નુકશાન જાય તેમજ ફરિયાદી સાહેદોને ધાક ધમકી આપી ફોડવાનો પ્રયત્ન કરે તે હકીકત નકારી શકાય તેમ ન હોય અરજદારની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

(૫) મુળ ફરિયાદી તેઓના વિ.વ.શ્રી જે.જી.બ્રહમ્ભટ્ટ મારફતે હાજર થઈ આંક–૦૯ થી સોગંદનામુ રજુ કરી વાંધા લઈ જણાવે છે કે, અરજદારે અન્ય આરોપીઓ સાથે મળી ખોટા વેચાણ દસ્તાવેજો ઉભા કરી તેઓ પાસેથી માતબાર રકમ રૂા.૬૦,૦૦,૦૦૦/– પડાવી લીધેલ તે પૈકી હાલના અરજદાર તથા તેઓના પિતાને રૂા.૪૮,૮૦,૦૦૦/– જેટલી રકમ મેળવેલ છે તેમજ હાલના અરજદાર તથા આરોપી નં.૨ મુખ્ય આરોપી છે અને તેઓએ આરોપી નં.૧ સાથે મળી ગુનો કરેલ હોય અરજદારની જામીન અરજી રદ કરવા રજુઆત કરેલ છે.

(૬) ઉપરોકત હકીકતો, જામીન અરજી, અરજદાર પક્ષે રજુ કરેલ દસ્તાવેજ પુરાવાઓ, આંક–૬ થી રજુ થયેલ તપાસ કરનાર અમલદારનું સોગંદનામુ, મુળ ફરિયાદી તરફે આંક–૯ થી રજુ થયેલ સોગંદનામુ ધ્યાને લીધુ. બંને પક્ષના વિ.વ.શ્રીની દલીલો લક્ષમાં લીધી. હાલના અરજદારને તકરારી જમીન અગાઉ જમીન સંપાદનમાં ગયેલ હોવાનું તેમજ બાકીની વધેલ જમીન વેચાણ થયેલ હોવાની રેકર્ડીય પુરાવાની

હકીકત જાણતા હોવા છતાં સહ આરોપીઓ સાથે મળી ગુનાહીત કાવતરુ રચી, પ્રાંત અધિકારી શ્રી ધ્વારા તેઓ જમીનના માલીક ન રહેલાની જાણ કરેલ હોવા છતાં ફરિયાદી પાસેથી માતબાર રકમ પડાવી લેવાના હેતુથી, ખોટો વેચાણ દસ્તાવેજ બનાવી, તેનો સબ રજીસ્ટ્રાર કચેરીમાં સાચા તરીકે ઉપયોગ કરી, ફરિયાદી પાસેથી રૂા.૬૦,૦૦,૦૦૦/- નો અવેજ મેળવી એકબીજાની મદદગારીમાં ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે.

(૬.૧) ઉપરોકત વિગતે હાલના કેસની હકીકતો સાથે એ હકીકત ધ્યાને લેવી અનિવાર્ય છે કે, જામીન અરજીના તબક્કે તમામ પુરાવાના ગુણદોષ અંગેની ચર્ચા અસ્થાને છે. તે અંગે નીચે મુજબના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતો ધ્યાને લઈએ તો: **2009(1)GLR 734, N.V.Chauhan Vs. State TYF 2002(3) GLR 2288, Laxmanbhai Gadhavi Vs. State,** માં પ્રસ્થાપિત કરેલ છે કે, while deciding bail application, detailed discussion on merit and appreciation of evidence would notbe permissible and Court should not discuss the material in detail or should not give their verdict on merit while decidingthe bail application.

(૬.૨)વધુમાં, અત્રે એ ઉલ્લેખનિય છે કે, **ભગીરથસિંહ જાડેજા વિરૂદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત A.I.R., 1984, S.C. Page No. 372 . R., 1984, S.C. Page No. 372 ., 1984, S.C. Page No. 372 .C. Page No. 372 . Page No. 372** તથા **લક્ષ્મીબેન બી. સોલંકી વિરૂદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત 2007 (3) G.L.H., Page No. 369** તથા **ભાવેશભાઈ રમેશભાઈ પટેલ વિરૂદ્ધ ગુજરાત રાજ્યમાં** ઠરાવેલા પ્રસ્થાપિત સિદ્ધાંતો નજર સમક્ષ રાખતા તથા આ કામના આક્ષેપિત અરજદાર વિરૂદ્ધનો કેસની હકીકતો જોતાં પ્રસ્તુત કામનું ટ્રાયલ ક્યારે શરૂ થશે? તેમજ ક્યારે પૂર્ણ થશે? તે અંગે અનિશ્ચિતતા પ્રતિત થતી હોય, તેવા સંજોગોમાં મુખ્યત્વે જામીનનો હેતુ તે “Punitive” તથા “Preventive” નથી, તે હકીકત ધ્યાને રાખતાં, જયારે **Sanjay Chandra V/s. CBI, 2012(1) SCC Page No. 40** માં ઠરાવેલ માર્ગદર્શક ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ

સિદ્ધાંતો મુજબ જામીનનો મુખ્ય ઉદ્દેશ ટ્રાયલ વખતે આરોપીની હાજરી સુનિશ્ચિત/સુરક્ષિત કરવાનો છે, જેથી જામીન મંજૂર કરવા તે "નિયમ" છે તથા જેલમાં મોકલવા તે "અપવાદ" છે. તેમજ જામીનનો ઈન્કાર કરવો તે ભારતીય બંધારણની અનુચ્છેદ કલમ–૨૧ તથા કલમ–૧૪ હેઠળ વ્યક્તિ સ્વાતંત્રતા અંગે મૂળભૂત અધિકારો આપેલા છે તેના ઉપર અંકુશ રાખવા બરોબર હોય, જેથી અચોક્કસ સમય સુધી વ્યક્તિને કસ્ટડીમાં રાખવા તે ભારતીય બંધારણની અનુચ્છેદ કલમ–૨૧ તથા કલમ–૧૪ ના ભંગ સમાન ગણાય. આ સંજોગોમાં ગુન્હાનો પ્રકાર, સજાની જોગવાઈ તથા આરોપીનો રોલ ધ્યાને લેતાં, જો ચોક્કસ તથા કડક શરતોને આધીન અરજદારને જામીન ઉપર છોડવામાં આવશે તો ન્યાયનો ઉમદા હેતુ સિદ્ધ થાય તેમ છે.

(૭) ઉપરોકત વિગતોએ બંને પક્ષની દલીલો, અરજીની વિગતો, આંક–૩ ના લીસ્ટથી રજુ કરેલ દસ્તાજ, આંક–૬ થી તપાસ કરનાર અમલદારે રજુ કરેલ સોગંદનામુ તેમજ પોલીસ પેપર્સ ધ્યાને લીધા. મુળ ફરિયાદપક્ષે રજુ કરેલ આંક–૯ નું સોગંદનામુ તથા અરજદાર તરફે આંક–૧૦ થી રજુ દસ્તાવેજી પુરાવા લીસ્ટ અને તે સાથેના દસ્તાવેજો ધ્યાને લીધા.

(૭.૧) ઉપરોકત હકીકતોએ સમગ્ર રેકર્ડ સાથે આંક–૬ નું સોગંદનામુ લક્ષમાં લેતા તપાસ કરનાર અમલદાર ધ્વારા પેરા નં. ૪૦ માં જણાવેલ છે કે, હાલના અરજદારના પિતા (સીરાજોદ્દીન અહેમદમીયા સૈયદ) નાસતા ફરતા આરોપી છે અને ગુનાના મુખ્ય આરોપી છે. જે સીરાજોદ્દીન સૈયદનાઓએ વેચાણ દસ્તાવેજ કરી, રદ કરનાર તેમજ અન્ય આરોપી અશોકભાઈ મગનભાઈ પરમારનાઓ પાસે સ્થળ ઉપર હયાત જગ્યા નથી તેવુ જાણવા છતાં કાવતરુ કરેલ છે અને નાસતા ફરતા છે. આમ, તપાસ કરનાર અમલદારના જણાવ્યા મુજબ આ કેસમાં અરજદાર સિવાય અન્ય આરોપીઓ અશોકભાઈ મગનભાઈ પરમાર તથા સીરાજોદ્દીન અહેમદમીયા સૈયદ મુખ્ય આરોપીઓ છે. વિશેષમાં વાદગ્રસ્ત જમીન અંગેનો વેચાણ દસ્તાવેજ, તે અંગેની રેવન્યુ રેકર્ડમાં

એન્ટ્રી અંગેના પેપર્સ તથા પોલીસ પેપર્સની વિગતો લક્ષમાં લેતા, હાલનાં અરજદાર/આરોપી વિરૂધ્ધ મુખ્ય આરોપી વતી રોકડમાં રકમ સ્વીકારનાર અંગેનો આક્ષેપ કરવામાં આવેલ છે. હાલ કેસની તપાસ ચાલુ છે અને ઉપરોકત વિગતોએ ચુકાદામા પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત મુજબ પુરાવાની વિશેષ ચર્ચા જામીન અરજીના તબકકે અસ્થાને છે, ત્યારે પુરાવા અંગેની વિશેષ ચર્ચા ન કરતા, હાલના અરજદાર (આરોપી નં.૩) ની કોઇ પ્રત્યક્ષ ભૂમિકા જણાતી ન હોય, યોગ્ય શરતોએ અરજદાર/આરોપીની તરફેણમાં ડીસ્ક્રેશન વાપરવુ ન્યાયોચીત જણાતુ હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) અરજદાર/આરોપી **અમીરુદીન ઉર્ફે આમીર સ/ઓ. સીરાજોદીન અહેમદમીયા સૈયદ,** ઉ.વ. ૩૩, ધંધો:– ખેતી, રહેવાસી:–ગોબલજ, તા.જી.:– ખેડા (હાલ જયુ. કસ્ટડીમાં) નાઓની હાલની **ફોજદારી પરચૂરણ અરજી નં.૮૭૭/ ૨૦૨૬** આથી **મંજૂર** કરવામાં આવે છે.

(૨) માતર પોલીસ સ્ટેશન ગુના રજી.નં. ૧૧૨૦૪૦૪૦૨૬૦૨૯૫/૨૦૨૬ થી ઇ.પી.કો. કલમ–૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી), ૧૧૪ મુજબનાં ગુનાનાં કામે અરજદાર/આરોપીએ રૂ.૫૦,૦૦૦/– (અંકે રૂપિયા પચાસ હજાર પૂરા) નાં જામીન તથા તેટલી જ રકમના જાત જામીન આપ્યેથી તેઓને નીચેની શરતોને આધીન બી.એન.એસ.એસ. ની કલમ–૪૮૩ અન્વયે જામીન મુક્ત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો :–**

/૧/ અરજદાર/આરોપીએ ફરિયાદ પક્ષના પુરાવા સાથે ચેડા કરવા નહીં કે સાક્ષી પુરાવા તોડવા, ફોડવા પ્રયત્ન કરવો નહીં.

/૨/ અરજદાર/આરોપીએ તેમની વિરૂદ્ધના કેસનો આખર નિકાલ ન થાય ત્યાં સુધી હકુમત ધરાવતી ટ્રાયલ કોર્ટની પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડવી નહીં.

/૩/ અરજદાર/આરોપી પાસપોર્ટ ધરાવતા હોય તો સંબંધિત કોર્ટમાં દિન–૭ માં જમા કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે અંગે સોગંદનામું રજુ કરવું.

/૪/ અરજદાર/આરોપીએ ટ્રાયલ દરમિયાન નિયમિત રીતે હાજર રહેવું.

/૫/ <u>અરજદાર/આરોપીએ સદર ગુના કામનું ચાર્જશીટ ફાઇલ થતા સુધી દર મહીનાની ૧૫(પંદર) તથા ૩૦(ત્રીસ) તારીખે સબંધીત પોલીસ સ્ટેશન સમક્ષ હાજરી પુરાવવી.</u>

/૬/ અરજદાર/આરોપીએ પોતાનુ હાલનુ તથા કાયમી રહેણાંકનું તથા નોકરી/ધંધાનું પૂરું સરનામું મોબાઈલ નંબર તથા ઈમેઇલ આઇડી તપાસ કરનાર અમલદાર તથા સબંધીત કોર્ટ સમક્ષ જાહેર કરવુ અને હકુમત ધરાવતી કોર્ટની પૂર્વ પરવાનગી વગર તેમાં ફેરફાર કરવો નહીં.

/૭/ અરજદાર/આરોપીએ આ પ્રકારના અન્ય કોઈ ગુનામાં સંડોવાવું નહીં.

/૮/ જામીન સંબંધિત કોર્ટ સમક્ષ આપવા.

સંબંધિત કોર્ટ/પોલીસ સ્ટેશન/સેન્ટ્રલ જેલને જરૂરી યાદી/ઈ–મેઈલ કરવી.

હુકમ આજરોજ તા.૩૧ મી, માહે–જુલાઇ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા.૩૧.૦૭.૨૦૨૬
સ્થળ: નડીયાદ.

**(હેમાંગ અશ્વિનભાઈ ત્રિવેદી)**
અધિક સેશન્સ જજ,
નડીયાદ
**કોડ નં. GJ00591**

(બી.બી.ત્રિવેદી)(ગુજરાતી સ્ટેનો.)(ગ્રેડ–૧)
કોડ નં.કેએચ–૦૧૦૩૧૧.